અપીલ અરજી નં.૨૨૩ તા.૩–૧૧–૦૮/૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેટ્રલ ઝોન

**હુકમઃ–**

**વિષય :**–આર ટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૬–૮–૦૮ની અરજીથી નાનપુરા ટીમલીયાવાડ ચાર રસ્તા પાસે આવેલ રણછોડ ડોકટરના શેરીના નાકે દક્ષિણે નોંધ નં.૮૫૫/૫ માં ચાલતાં બાંધકામની માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૩–૧૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૨૩/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૬–૮–૦૮ની અરજીથી નાનપુરા ટીમલીયાવાડ ચાર રસ્તા પાસે આવેલ રણછોડ ડોકટરના શેરીના નાકે દક્ષિણે નોંધ નં.૮૫૫/૫ માં ચાલતાં બાંધકામની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સે.ઝોન/૯૧૮ તા.૨૩–૧૦–૦૮ થી આપેલ માહિતી ખોટી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત પૂરક માહિતીની વિગતો વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૩૫ તા.૬–૧૧–૦૮ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને તેઓ તરફથી નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં./૯૫૮ તા.૧૪–૧૧–૦૮થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની તા.૨૬–૮–૦૮ ની અરજીથી નાનપુરા ટીમલીયાવાડ ચાર રસ્તા પાસે આવેલ રણછોડ ડોકટરની શેરીના નાકે દક્ષિણે નોંધ નં.૮૫૫/૫ ચાલતાં બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માંગવામાં આવેલ. જે પૈકી મુદ્દા નં .૧ થી ૫ માં માહિતી આરટીઆઈ/સે.ઝોન/૬૬૯ તા.૯–૯–૦૮ થી અરજદારની અગાઉની સરખી માહિતી માંગતી અરજી તા.૨૭–૮–૦૮ ના અનુસંધાને પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાવી આરટીઆઈ/સે.ઝોન/૮૯૮ તા.૨૩–૧૦–૦૮ થી મુદ્દા નં.૩,૭ અને ૮ ની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવે છે. જે અનુસાર અરજદારને મુદ્દા નં.૧ માં ટીમલીયાવાડ ચાર રસ્તા પર આવેલ રણછોડ ડોકટરના શેરીના નાકે વોર્ડ દક્ષિણે નોંધ નં.૮૫૫/૫ ચાલતાં બાંધકામનું સર્વે નંબર માંગવામાં આવેલ છે. તથા મુદ્દા નં.૨ પ્લાન પાસ કરનાર અધિકારીની વિગત અને તારીખ તથા મુદ્દા નં.૪ ના બાંધકામનું બિલ્ટ એરિયાની માંગણી કરેલ છે. જે અત્રે મળેલ જાહેર માહિતી અધિકારીની નોંધ વિભાગ રીપોર્ટ જોતાં મંજુર પ્લાનની વિગતો મળી આવેલ ન હોઈ રેકર્ડ આધારિત માહિતી આપી શકાય તેમ નહીં હોવાનું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ.

અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૧,૨ અને ૪ ની માહિતી ખોટી અને શોર્ટકટમાં આપી ગેરમાર્ગે દોરવામાં આવી હોવાનું જણાવતાં અને મુદ્દા નં.૩ ની માહિતી સ્થળ કરતાં તદ્દન ખોટીઆપવામાં આવેલ છે એવી રજૂઆત કરવામાં આવેલ છે. પરંતુ અરજદારે અપીલ સાથે સમર્થનમાં કોઈ આધાર રજુ કરેલ નથી. વધુમાં સ્થળ તપાસ કરી માહિતી પૂરી પાડવા અરજદારે રજૂઆત કરેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ઉપલબ્ધ દફતરી હકીકતલક્ષી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પૂરી પાડવામાં આવેલ છે તેમ છતાં આરટીઆઈ એકટ હેઠળ પ્રત્યેક અરજી સ્વતંત્ર હોઈ જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા નં.૧,૨,૪,૫,૬ અંગે અગાઉના સંદર્ભની માહિતી મોકલી આપ્યાની વિગત અલાયદી રીતે મોકલી આપવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. કાયદાની કલમ–૨(એફ) અને (જે) હેઠળ અનુક્રમે માહિતી અને માહિતી અધિકારીની વ્યાખ્યા અનુસાર જાહેર માહિતી અધિકારી પાસેની અને નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ પૈકી માહિતી પૂરી પાડવાની રહે છે. તેથી અરજદારની સ્થળ તપાસ કરી માહિતી પૂરી પાડવાની રજૂઆત યોગ્ય ન હોઈ ગ્ર ાહય રાખવામાં આવતી નથી. તેટલા અંશે અપીલ દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

ડે.*કમિશનર(જનરલ),*
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામ મેમણ,